હવે ગાંધીનગર શહેરમાંય બાઈકર્સ ગેંગ વકરી રહી છે

રાત્રે ૧૦-૪ વિસ્તારમાં બાઈકર્સના જોખમી સ્ટંટ્સ

ગાંધીનગર, તા. ૧૮

મુંબઈ અને અમદાવાદની જેમ હવે ગાંધીનગરમાંય બાઈકર્સ ગેંગ્ગ વકરી રહી છે. પોલીસે સમયસર જાગવાની જરૂર છે, અન્યથા આ સમસ્યા માથે ડડીને પોકારશે એ દિવસો દૂર નથી.

'ધૂમ' ફિલ્મ આવ્યા પછી મોંઘી બાઈક્સ અને માથાભારે બાઈકર્સનો ત્રાસ આપણા દેશમાં વધી ગયો છે. એમાંય યુવાન વયના બાઈકર્સ તો જાણે સ્વયં જોન અબ્રાહમ હોય તેમ બાઈકને હવામાં ઊડાડે છે. મુંબઈ, અમદાવાદ જેવાં શહેરોમાં તો હાઈસ્પીડ બાઈક્સનો ઉપયોગ ચોરી અને લૂંટ માટે કરવામાં આવે છે. રસ્તા પર ચાલતી મહિલાઓના ગળામાંથી સોનાની ચેન ખેંચીને પલાયન થઈ જવામાં હાઈસ્પીડ બાઈક્સનો ઉપયોગ થાય છે. આવો જ ત્રાસ ગાંધીનગરમાં પણ થોડા સમય અગાઉ વર્તાતો હતો.

એ પછી તત ઉનાળુ વેકેશન દરમ્યાન અમદાવાદમાં બાઈકર્સ ગેંગ્ગ ભરચક રોડ ઉપર બેફામપણે બાઈક ચલાવીને રાહદારીઓને અને વાહનચાલકોને માટે માથાનો દુખાવો બની ગઈ હતી. એ સમસ્યાને પોલીસ પણ પહોંચી શકી નહોતી. પોલીસ એક ખૂણે હોય તો બાઈકર્સ બીજા રસ્તેથી નીકળતા હતા, પણ એમનો ત્રાસ ચાલુ રહ્યો હતો. કોઈ જ કારણ વિના માત્ર મોજમજા માટે અન્ય રાહદારીઓના જીવને જોખમમાં મૂકવાનો આ શિરસ્તો ઘણો લાંબો ચાલ્યો હતો અને હજુય ચાલી જ રહ્યો છે.

પરંતુ, આપણા માટે ચિંતાની વાત એ છે કે હવે આ શિરસ્તો ગાંધીનગરમાંય શરૂ થયો છે. એક વર્ષ અગાઉ ૧૦-૪ વિસ્તારમાં વેકેશનના સમયગાળામાં હાઈસ્પીડ બાઈકર્સે તરખાટ મચાવ્યો હતો અને એક બાળકને અડફેટમાંય લીધું હતું. અલબત, આ ઘટના વધુ ચર્ચાસ્પદ બની ન હતી અને અકસ્માત જીવલેણ ન હોવાથી પણ એ બહુ ચર્ચાઈ ન હતી. પણ ઘટના જીવલેણ બને ત્યાં સુધી રાહ જોવી એ પણ કેટલું યોગ્ય ગણાય ? આ વખતે પણ વેકેશનની શરૂઆત થતાં જ ફરી બાઈકર્સ માથાભારે બન્યા છે. લબરમૂછિયા જુવાનો માત્ર મોજમજા ખાતર ચિચિયારીઓ પાડતા અને સ્પીડમાં બાઈક ચલાવતા ૧૦-૪ વિસ્તારમાંથી પસાર થાય છે, રાત્રીના એ સમયે કે જ્યારે અહીં ફરવા માટે ને બેસવા માટે મહત્તમ લોકો હાજર હોય છે.

વેકેશનની મોજ માટે ને દિવસભરના ઉકળાટ પછી ખુલ્લી હવામાં શાંતિથી શ્વાસ માટે

● અનુસંધાન પાના-૦ પર

એસ.ટી. બસમાં અપડાઉન કરતા મુસાફરોમાં ભૂલક્કડોની સંખ્યા વિશેષ

ગાંધીનગર, તા. ૧૮

એસ.ટી. ડેપોમાં રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોમાં ભૂલક્કડોની સંખ્યા પણ વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. રોજિંદા જીવનમાં મંઝીલ સુધી પહોંચવાની ભાગદોડમાં અપડાઉનકર્તાઓ પોતાની મહત્વની ચીજવસ્તુઓ બસમાં જ છોડીને નીકળી જતા હોવાના અનેક કિસ્સાઓ ડેપો તંત્રના ધ્યાને આવ્યા છે. ડેપોમાં હાલની સ્થિતિએ મુસાફરો ભુલી ગયા હોય તેવી ૭૦ જેટલીનાની-મોટી ચીજવસ્તુઓ પડી છે. વર્ષ દરમ્યાન ૧૦૦ જેટલા મુસાફરો ઉતાવળમાં પોતાની ઉપયોગી વસ્તુ બસમાં ભુલી જતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આગામી દિવસોમાં આવી ચીજવસ્તુઓની હરાજીના માધ્યમથી નિકાલ કરવામાં આવશે.

આજના આધુનિક અને ઝડપી યુગમાં 'હડી અપ'ના અભિગમ સાથે રઘવાટ અનુભવતા અપડાઉનકર્તાઓ વધુ ભુલક્કડ બનતા જતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. એસ.ટી. બસમાં રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો પોતાની નાની-મોટી ચીજવસ્તુઓ ઘણીવાર બસમાં જ મુકીને ચાલ્યા જતા આખરે ડેપો તંત્રએ આ ચીજવસ્તુઓ સાચવીને મૂળમાલિકને પહોંચતી કરવા મથામણ કરવી પડે છે. ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પણ આવા ભુલક્ક્ડા મુસાફરોની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. વર્ષ દરમિયાન વિદ્યાર્થી સહિતના આમ મુસાફરોની કપડાં, પુસ્તકો, છત્રી, ટીફીન બોક્ષ, ક્ન્ટેઈનર અને મોબાઈલ સહિતની વસ્તુઓ ભુલી જતા હોવાના કિસ્સાઓ બને છે. જો કે થોડીવારમાં જ આ પેઢીના અમુક પોતાની વસ્તુ પરત મેળવવા ઈ-કવાયરી પણ કરી છે. આમ છતા ઘણી નાની-મોટી ચીજવસ્તુઓ વણવાત સ્થિતિમાં પડી રહે છે. જેના નિકાલ માટે ડિવીઝન કચેરી દ્વારા હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. અગાઉ વર્ષ ૨૦૦૭માં હરાજી કરવામાં આવી હતી. જ્યારે હાલની સ્થિતિએ ડેપો હસ્તક આવી ૭૦ જેટલી ચીજવસ્તુઓ છે.

ગાંધીનગરનાં નવાં સેક્ટર્સમાં વસતા નાગરિકો માટે ખુશીના સમાચાર છે અને તે એ કે સેક્ટર-૫ ખાતે તૈયાર થઈ રહેલા નવા વોટર વર્ક્સની પાણીની ટાંકી હવે તૈયાર થવામાં છે. ટાંકીનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું છે, જેની તસવીર અસ્તુત છે. બહુ જલ્દી આ ટાંકીનું કામ પૂર્ણ થઈને તે કાર્યરત થઈ જાય એવી આશા પણ સેવવામાં આવી રહી છે. એ પછી નવાં સેક્ટર્સમાં પાણી પૂરતા કોર્સથી મળી શકશે અને આ સેક્ટર્સની પાણીની સમસ્યાનો અંત આવશે એવી આશા છે. નગરજનો આતુરતાથી આ ટાંકીનું કામ પૂર્ણ થાય ને તેનો લાભ પોતાને મળે તેની રાહ જોઈ રહ્યા છે. (તસવીર : દિપક જાની)

સેકટરોમાં જોખમી આવાસો અંગે તંત્ર સર્વે હાથ ધરશે

સે-૬માં ભયજનક અન્ય એક બ્લોક પણ કોર્ડન કરાયો

ગાંધીનગર, તા.૧૮

સે-૬માં ચ-૧ કેટેગરીનો સરકારી બ્લોક પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા સફાળા જાગેલા તંત્ર દ્વારા હવે જોખમી મકાનોનો તાગ મેળવવા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સેક્ટરમાં ભયજનક માલુમ પડેલા બ્લોક નં. ૪૨૫ આસપાસનો વિસ્તાર પણ કોર્ડન કરી દેવાયો છે. શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી જાળવણીના અભાવે ભયજનક મકાનોની સંખ્યા વિશેષ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સે-૬માં સરકારી બ્લોક ધરાશાયી થવાની ઘટના બાદ હરકતમાં આવેલા તંત્ર દ્વારા સમગ્ર શહેરમાં પ્રાથમિક દૃષ્ટિએ જોખમી લાગતા મકાનોનો સર્વેહાથ ધરવા પણ ટૂંકમાં ક્રમગીરી શરૂ કરવામાં આવનાર છે. શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ સરકારી આવાસોની સ્થિતિ નિહાળવા દાયકા પૂર્વે સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૦૧માં ધરતીકંપના અંતે સરકારી આવાસોની સ્થિતિનો તાગ મેળવી જરૂરી આવાસોના મજબૂતીકરણનું ક્રમ હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જ્યારે આવાસના મજબૂતીકરણ પાછળ પણ વર્ષોનો સમય વીતી જતા શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના મકાનો જાળવણીના અભાવે ખંડેર બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જ્યારે આ પૈકી નિકાલ હેઠળના ૧૮૦૦ જેટલા મકાનો જાહેર કરાયા બાદ પણ સાત વર્ષના અંતે આ જોખમી મકાનો ધિનરહેણાંકની સ્થિતિમાં ભયનજક ભાળી રહ્યા છે. અલબત્ત તબક્કાવાર હાથ ધરાતી આવાસ મજબૂતીકરણની ક્રમગીરીના અંતે સેક્ટરોમાં હજુ પણ જોખમી મકાનો યથાવત સ્થિતિમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સે-૬માં ગત સપ્તાહ દરમિયાન સરકારી બ્લોક અચાનક જમીનદોસ્ત થતાં જોખમી મકાનોનો તાગ મેળવવા તંત્ર હવે સફાળું જાગ્યું છે. સે-૬માં ચ-૧ કેટેગરીમાં બ્લોક નં. ૪૨૨ જમીનદોસ્ત થયા બાદ તંત્ર દ્વારા મજબૂતીકરણની ક્રમગીરી કોરાણે મૂકી જોખમી મકાનોની સ્થિતિ ચકાસવા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન બ્લોક નં. ૪૨૫ પણ ભયજનક હોવાનું માલુમ પડતા ખાલી બ્લોક આસપાસ તંત્ર દ્વારા કોર્ડન કરી દેવાયું છે. બીજી તરફ ભયજનક આવાસોની સ્થિતિ જાણવા શહેરના સેક્ટરોમાં પણ અભ્યાસ હાથ ધરવા નિર્ણય લેવાયો છે.

સે. ૬માં મહિલાના ગળામાંથી દોરો ખેંચી બાઈક ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૧૮

શહેરના સેક્ટર-૬ અપનાબજાર આગળના ભારે ચહલપહલ વાળા એરિયામાં આજે ધોળા દિવસે બાઈક પર આવેલા બે ઈસમો એક મહિલાના ગળામાંથી દોઢ તોલાના સોનાના દોરાની તફડંચી કરી ઝણવારમાં જ પલાયન થઈ ગયા હતા.

આથી દરરોજ ભરચક રહેતા અપનાબજાર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. શહેરના સેક્ટર-૩-ડી પ્લોટ નં. ૯૯૫/૧માં રહેતા વસંતાબેન પ્રતાપસિંહ ચૌપરી પોતાના પતિ સાથે સ્કૂટર (નં. જીજે-૧-એસ-૧૨૨૦) લઈ સાંજે ૪.૪૫ કલાકે સેક્ટર-૬ સ્થિત અપનાબજારમાં ખરીદી અર્થે ગયા હતા. હજુ તો વસંતાબેનના પતિ સ્કૂટર પાર્ક કરતા હતા તે જ દરમ્યાન પાછળ બાઈક પર આવેલા બે અજ્ઞાત્ય ઈસમો પૈકીના બાઈક પાછળ બેઠેલ ઈસમે માર્ગ પર ઉભેલી મહિલાના ગળામાંથી દોઢ તોલાનો સોનાના દોરાની તફડંચી કરી હતી અને પળવારમાં જ બન્ને બાઈક સવાર ઈસમ અપનાબજારથી પુરઝડપે ૧૦-૦ તરફના માર્ગ ઉપર પલાયન થઈ ગયા હતા. પોળે દિવસે બનેલી ચીલઝડપ સંદર્ભે મહિલાએ જણાવ્યું હતું કે બન્ને ઈસમો ડિસ્કવર બાઈક લઈ આવ્યા હતા. અને પાછળ બેઠેલ ઈસમે જાંબલી કલરની ટી શર્ટ પહેરી હતી અને લાલ કલરના વાળ હતા બાદમાં મહિલા અને તેમના પતિ આ ઘટના સંદર્ભે સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા ગયા હતા.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગરના વિવિધ સેક્ટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વ્યાપક બની રહી છે. ● સેક્ટર-૧માં બનાવવામાં આવી રહેલ તળાવમાં મુકાયેલ લાઈટો પણ બંધ હોવાથી નગરજનો તેનો લાભ લઈ શકતા નથી. ● આજે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ મેડીકલ કોલેજના ઈન્સ્પેક્શન માટે આવી રહી છે. ● માણસાના સમીમાં વાયરલ તાવના દર્દીઓ ૨૫ જેટલા બે દિવસમાં નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. ● ગાંધીનગર જિલ્લા પંચાયતના બીજા અને ત્રીજા માળના પાણીના કુલરોની સેવાઓ ખોરવાઈ જતાં કર્મચારીઓને ઘરેથી પાણી લઈ આવવાની ફરજ પડી રહી છે. ● ગાંધીનગર મહાનગરપાલિકાના સભાખંડની માઈક વ્યવસ્થાને લઈ સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યોએ આજે મેયર સમક્ષ નારાજગી વ્યક્ત કરી છે.

વોક ઈન ઈન્ટરવ્યુ

ગાંધીનગર જિલ્લામાં ચાલતાં એન.ટી.સી.પી. કાર્યક્રમ અંતર્ગત માણસા માટે એસટીએલએસ કરાર આધારિત એક (૧) જગ્યા માટે તા : ૨૫/૪/૨૦૧૨ ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ થી ૨:૦૦ કલાક સુધી સ્થળ : જિલ્લા ક્ષય કેન્દ્ર સિવિલ હોસ્પિટલ સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.

(૧) એસટીએલએસ જગ્યા - (ફીક્સ પગાર રૂ. ૧૨૦૦૦/- કરાર આધારિત)

Essential Qualification :	(1) 10 + 2 in Science with Diploma or Certificate course in Medical Laboratory Technology or its equivalent. (2) Minimum 2 years of experience of working in a bacteriological Laboratory of repute. (3) Must be in possession of permanent driving license for two Wheelers.
Preferential Qualification :	(1) Minimum one year experience in RNTCP work.
Age Limit :	Max 62 Years

શરતો :

૧. જે ઉમેદવારોના ગુજરાત રાજ્યની કોઈપણ જિલ્લા ટીબી સોસાયટી દ્વારા કરાર રદ કરવામાં આવેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં

૨. ઉમેદવારોએ સ્વખર્ચે અને ફરજિયાત અસલ પ્રમાણપત્રો સાથે ઈન્ટરવ્યુમાં આવવાનું રહેશે.

સભ્ય સચિવશ્રી/જિલ્લા ક્ષય અધિકારીશ્રી
જિલ્લા હેલ્થ સોસાયટી (ટીબી પ્રોગ્રામ), ગાંધીનગર

News Paper Ads. • Logo - Symbol • Stationery
Hoarding • Banners • Poster
Invitation Card • Books • House Magazine
PARAM CREATIONS
707, Shalin Complex, Sector 11, Gandhinagar. Ph. : 079-23243644.
we design your desire...

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BIRLA TYRES
તમામ માર્કાના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
ફોન : (રૂ.) ૨૩૨૬૧૧૧૬, ૨૩૨૮૦૧૦૧, ૨૩૨૩૦૩૩૬, મો. : ૯૨૨૬૧૦૧૧૧૬,

સે-૬માં ભયજનક અન્ય એક બ્લોક પણ કોર્ડન કરાયો

ગાંધીનગર, તા.૧૮

સે-૬માં ચ-૧ કેટેગરીનો સરકારી બ્લોક પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા સફાળા જાગેલા તંત્ર દ્વારા હવે જોખમી મકાનોનો તાગ મેળવવા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સેક્ટરમાં ભયજનક માલુમ પડેલા બ્લોક નં. ૪૨૫ આસપાસનો વિસ્તાર પણ કોર્ડન કરી દેવાયો છે. શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી જાળવણીના અભાવે ભયજનક મકાનોની સંખ્યા વિશેષ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સે-૬માં સરકારી બ્લોક ધરાશાયી થવાની ઘટના બાદ હરકતમાં આવેલા તંત્ર દ્વારા સમગ્ર શહેરમાં પ્રાથમિક દૃષ્ટિએ જોખમી લાગતા મકાનોનો સર્વેહાથ ધરવા પણ ટૂંકમાં ક્રમગીરી શરૂ કરવામાં આવનાર છે. શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ સરકારી આવાસોની સ્થિતિ નિહાળવા દાયકા પૂર્વે સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૦૧માં ધરતીકંપના અંતે સરકારી આવાસોની સ્થિતિનો તાગ મેળવી જરૂરી આવાસોના મજબૂતીકરણનું ક્રમ હાથ ધરવા નિર્ણય લેવાયો હતો. જ્યારે આવાસના મજબૂતીકરણ પાછળ પણ વર્ષોનો સમય વીતી જતા શહેરના સેક્ટરોમાં સ્થિત વિવિધ કક્ષાના મકાનો જાળવણીના અભાવે ખંડેર બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જ્યારે આ પૈકી નિકાલ હેઠળના ૧૮૦૦ જેટલા મકાનો જાહેર કરાયા બાદ પણ સાત વર્ષના અંતે આ જોખમી મકાનો ધિનરહેણાંકની સ્થિતિમાં ભયનજક ભાળી રહ્યા છે. અલબત્ત તબક્કાવાર હાથ ધરાતી આવાસ મજબૂતીકરણની ક્રમગીરીના અંતે સેક્ટરોમાં હજુ પણ જોખમી મકાનો યથાવત સ્થિતિમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સે-૬માં ગત સપ્તાહ દરમિયાન સરકારી બ્લોક અચાનક જમીનદોસ્ત થતાં જોખમી મકાનોનો તાગ મેળવવા તંત્ર હવે સફાળું જાગ્યું છે. સે-૬માં ચ-૧ કેટેગરીમાં બ્લોક નં. ૪૨૨ જમીનદોસ્ત થયા બાદ તંત્ર દ્વારા મજબૂતીકરણની ક્રમગીરી કોરાણે મૂકી જોખમી મકાનોની સ્થિતિ ચકાસવા સર્વેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન બ્લોક નં. ૪૨૫ પણ ભયજનક હોવાનું માલુમ પડતા ખાલી બ્લોક આસપાસ તંત્ર દ્વારા કોર્ડન કરી દેવાયું છે. બીજી તરફ ભયજનક આવાસોની સ્થિતિ જાણવા શહેરના સેક્ટરોમાં પણ અભ્યાસ હાથ ધરવા નિર્ણય લેવાયો છે.

ડો. પ્રશાંત મેરજાની ચતુર્થ વાર્ષિક સ્મૃતિએ.....
ભાવવિભોર વંદના.....

''પ્યારા પ્રશાંત તારો વિયોગ અમને ખૂબ સાલે છે. પણ પરમાત્મા પાસે પામર માણસનું ક્યાં ચાલે છે.''

ડો. પ્રશાંત મેરજા
તા. ૨/૫/૮૫ થી સદાકાળ.....

સન્ની મેરજા (લઘુ બંધુ) | સુશીલા (મમ્મી) | ગિરીશ મેરજા (પપ્પા)
જય - પારુલ (ભાઈ)- (ભાભી) | રેખા (આંન્ટી) | રમેશ મેરજા (અંકલ)
ચાર્મી (બહેન) (દીદી-ફુફાજી) | ભાવના (ફુવાશ્રી) | સુરેશ સરડવા

ધ કેપીટલ વીલા ૩૫૩, સેક્ટર-૮, ગાંધીનગર

માતૃશ્રી-વજીબા, બાપુજી
શ્રી અમરશીભાઈ તથા મેરજા પરિવાર, સમનપર - મોરબી

રાત્રે ૮ વાગ્યે નિવાસ સ્થાને સુંદરકાંડના પઠન માટે સૌને સહભાગી થવા વિનંતી

તા. ૨૨ ને રવિવારે સવારે ૯ થી ૧ સમદાન આશ્રમ મોરબી ખાતે ગરીબ દર્દીઓ માટે ફ્રી મેડીકલ કેમ્પ

AMBUJA CEMENT | KISAN | BENELAVE | NIXIT | TMT BARS - ISI | JINDAL STEEL - ISI | ashirwad C. PVC, UPVC | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૫૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગેલ્વાઈપ (જુનવાણી/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૧૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** વૃષાલકાન્ત ભટ્ટ. ફોન : ૨૩૨૧૧૫૬૭, ફેક્સ : ૨૩૨૩૦૫૬૭ E-mail : gandhinagarsamachar@yahoo.com